# આઈ.ટી.આઈ. એડમીશન-૨૦૨૨

## ITI Online Admission System

“પ્રથમ રાઉન્ડનાં પરિણામ બાદ ITI એ કરવાની થતી પ્રવેશને લગતી કામગીરી અંગેની માર્ગદર્શિકા”

## રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,ગાંધીનગર

- સૌ પ્રથમ પ્રવેશ મેળવનાર ઉમેદવાર સંસ્થા ખાતે પ્રવેશ સુનિશ્ચિત કરવા આવે ત્યારે તેના જરૂરી તમામ અસલ પ્રમાણપત્રોની ચકાસણી / ખરાઇ અગાઉના વર્ષોમાં પ્રવેશ સમયે કરતા હતા તે મુજબ જ કરી લેવા લેવાના રહેશે. (આ કચેરીના તારીખ: ૦૮/૦૬/૨૦૨૨ના પરીપત્ર ક્રમાંકઃ સીટીએસ/ચ-૪/પ્રવેશ/૨૦૨૨/૫૦૯૬માં દર્શાવ્યા મુજબના) આ અંગે જરૂર જણાયે તો એક કરતાં વધારે પ્રમાણપત્ર ચકાસણી માટેના કાઉન્ટરો ગોઠવી અવ્યવસ્થા ઊભી ન થાય તથા **કોવિડ-૧૯ની ગાઇડલાઇનનું પાલન થાય તે** મુજબની વ્યવસ્થા તમામ સંસ્થા કક્ષાએ થી જ કરવાની રહેશે.
- અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરતી વખતે ઉમેદવાર દ્વારા ઓનલાઇન પ્રવેશ ફોર્મમાં એન્ટ્રી કરેલ ખોટી માહિતીના આધારે પ્રવેશ મેળવેલ હોય તો તેવા ઉમેદવારનું પ્રવેશ રદ કરવાની સત્તા સંબંધિત સંસ્થાના વડા / જે તે સંસ્થાની પ્રવેશ કમિટી ને સોંપવામાં આવે છે. પ્રમાણપત્રોની ચકાસણી બાબતે કોઇ ક્ષતિ જણાય તો સંસ્થાની પ્રવેશ કમિટિએ ગુણદોષ ચકાસીને નિર્ણય કરવાનો રહેશે. ઉમેદવાર વહીવટી કારણોસર કે અન્ય કોઇ પણ કારણોસર કોઇ પ્રમાણપત્ર રજૂ કરી શકે તેમ ન હોય તો ટૂંક સમયમાં પ્રમાણપત્ર રજૂ કરશે, નહિં કરે તો પ્રવેશ રદ થશે તેવી બાહેધરી ઉમેદવાર પાસેથી મેળવીને પ્રવેશ આપવાનો રહેશે. (દા.ત. જન્મ તારીખ, માર્ક્સ, જાતિ, કેટેગરી, ડોમીસાઇલ, સ્યુટેબિલીટી સર્ટિફીકેટ વિગેરેમાં ભૂલ એટલે કે અસલ પ્રમાણપત્ર મુજબ સુસંગત ન થતું હોય અથવા સંતોષકારક ન જણાતું હોય વગેરે) આવા કારણોસર પ્રવેશ રદ કરેલ ઉમેદવારોનું સંસ્થા કક્ષાએ તુરંત ક્ષતીઓની પૂર્તતા કરી પોર્ટલ પર જરૂરી સુધારો કરી આપવાનો રહેશે. જેથી ઉમેદવારને બીજા રાઉન્ડમાં પ્રવેશ માટે પ્રાધાન્ય આપી શકાય. તેની ચોઇસ પણ ફરીવાર પોર્ટલમાં ભરવાની રહેશે.
- જો પ્રવેશ સમયે તમામ અસલ પ્રમાણપત્રોની ખરાઇ યોગ્ય જાણાય તો ઉમેદવારનો પ્રવેશ સુનિશ્ચિત કરવાનો થાય તે પહેલા ઉમેદવાર પાસેથી લાગુ પડતી ટ્યુશન ફી તેમજ કોશનમ ડીપોઝીટ લેવાની રહેશે અને તે રકમની પહોચ ITI લોગીનમાંથી પ્રિન્ટ મેળવી શકાશે અને તે જે તે ઉમેદવારને આપવાની રહેશે. દિવસના અંતે આ તમામ લાગુ પડતી ફી ની સરકારી / બીન સરકારી સંસ્થાના હિસાબી શાખામાં જમા કરી જરૂરી પહોંચ મેળવી લઇ સંસ્થાના રેકર્ડમાં રાખવાની રહેશે. તે અંગે અગાઉના વર્ષના પ્રવેશ મુજબ જ કાર્યવાહી કરવાની રહેશે. તે માટેની અગાઉની આપવામાં આવેલ સુચનાઓ યથાવત રહેશે.
- ઉમેદવારના પ્રવેશ સમયે ઉપસ્થિત થયેલ તમામ પ્રશ્નોનો પ્રથમ સંસ્થાની પ્રવેશ કમિટીએ યોગ્ય રીતે છણાવટ કરી નિકાલ કરવાનો રહેશે. જો જરૂર જણાય તો જ સંબંધિત વિભાગીય પ્રવેશ કમિટિનો સંપર્ક કરવાનો રહેશે. વિભાગીય કમિટિ દ્વારા તેનો યોગ્ય નિકાલ કરવાનો રહેશે. જરૂર જણાય તો જ વિભાગીય પ્રવેશ કમિટિ દ્વારા પ્રશ્નના નિરાકરણની વિગતો સાથે આધાર પુરાવાઓ સહિત વડી કચેરીની પ્રવેશ કમિટીનો સંપર્ક કરવાનો રહેશે.)

- ઉમેદવારને મળેલ પ્રવેશ ઉમેદવાર દ્વારા જ એડમીશન પોર્ટલ પર ઓનલાઇન ભરેલ ચોઇસ મુજબ નક્કી કરાયેલ છે આ પ્રવેશ તેમની ચોઈસ મુજબનું જ હોઈ આ પ્રવેશ સુનિશ્ચિત કરવું તેમના માટે ફરજીયાત રહેશે જ. જો ઉમેદવાર પ્રવેશનો અસ્વીકાર કરે તો તે ઉમેદવાર માટે બીજા રાઉન્ડમાં રીસફલીંગમાં ભાગ લઇ શકશે નહિં. **તેની માહિતી ઉમેદવારને આપવાની રહેશે.** જેથી ઉમેદવારને આ પ્રથમ રાઉન્ડમાં પોતાની નક્કી કરેલ તેમજ પોર્ટલ પર આપેલ ચોઈસ મુજબના ટ્રેડમાં જ પ્રવેશ મળેલ હોઈ તે પ્રવેશ ફરજિયાત પણે સ્વીકારવાનો જ રહેશે. પ્રવેશ સુનિશ્ચિત કર્યા બાદ તેના દ્વારા ભરેલી ટ્યુશન ફી તેને કોઇપણ સંજોગોમાં પરત મળશે નહીં / પરત કરી શકાશે નહીં. બીજા રાઉન્ડ દરમ્યાન રીસફલીંગમાં ભાગ લેશે તો તેટલી ટયુશન ફી ઉમેદવારે ચુકવવાની રહેશે નહિ.
- કોશનમની ડીપોઝીટ રૂા.૨૫૦/- અન્ય ITI માં પ્રવેશ મેળવે તે દરમ્યાન ભરવાની રહેશે. અને અગાઉ પ્રવેશ સમયે ભરેલ કોશનમની ડીપોઝીટ રૂા.૨૫૦/- તે ITI ખાતે અરજી કરી પરત મેળવી લેવાની રહેશે.
- પ્રવેશ મેળવેલ ઉમેદવારને એફીલિએટેડ / નોન-એફીલિએટેડ ટ્રેડમાં એડમિશન મળેલ છે તે તેના ફાળવેલ એલોટમેન્ટ લેટર ઉપરથી સુનિશ્ચિત કરવાનું રહેશે. જેથી પ્રવેશનો ડેટા ડી.જી.ટી. નવી દિલ્હીને મોકલતા સમયે કોઇ મુશ્કેલી ઉપસ્થિત ન થાય.
- પ્રવેશના રાઉન્ડ-૨ ના અંતે પ્રવેશ મેળવેલ ઉમેદવારને સંસ્થા ખાતે ખાલી રહેતી / લાગુ પડતી શિફ્ટ / યુનિટમાં અથવા વૈકલ્પિક ગોઠવણીની સત્તા સંસ્થાના વડાને સોંપવામાં આવે છે. આ અન્વયે કોઇ પણ ઉમેદવારને અન્યાય ન થાય તેનું ધ્યાન રાખવાની જવાબદારી સંસ્થાના વડાની રહેશે.
- પ્રવેશ મેળવેલ ઉમેદવાર, સંસ્થા દ્વારા પ્રવેશ રદ કરેલ ઉમેદવારની માહિતી રોજ-બરોજ સંબંધિત પ્રાદેશિક કચેરીને આપવાની રહેશે. જે કિસ્સામાં ઉમેદવાર દ્વારા પ્રવેશ રદ કરાવેલ હોય તે કિસ્સામાં તેને અનુરૂપ જરૂરી કારણો સાથેનું બાહેધરી પત્ર ઉમેદવાર પાસેથી સહી સાથેનું મેળવી લેવાનું રહેશે અને પ્રવેશ અસ્વીકારનો બાહેધરી પત્ર તથા પોર્ટલ પરથી જનરેટ થતો એડમીશન કેન્સલેશન રીપોર્ટ સંસ્થાએ રેકર્ડમાં રાખવાનો રહેશે. **(જરૂર જણાય તો સાથે આવેલ વાલીની પણ બાહેંધરીમાં સહી મેળવી લેવાની રહેશે.)** જો ઉમેદવાર દ્વારા પ્રવેશ રદ કરાવેલ હોય તો તે કિસ્સામાં ઉમેદવાર પ્રવેશના રાઉન્ડ-૨ માં ભાગ લઇ શકશે નહિં. પ્રવેશના રાઉન્ડ-૨ માં ભાગ લેવા માટે ઉમેદવારે ફરીથી ઓનલાઇન અરજી રજીસ્ટ્રર્ડ કરવાની રહેશે.
- ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયાના બે રાઉન્ડ પૂર્ણ થયા બાદ ખાલી રહેલ બેઠકોનું નિયમાનુસાર સીટ કન્વર્ઝન કરવાની સુચના વડી કચેરી દ્વારા મળ્યા બાદ ટ્રેડ ટ્રાન્સફર અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે. આ માટે પ્રથમ રાઉન્ડ તેમજ બીજા રાઉન્ડમાં પ્રવેશ મેળવેલ ઉમેદવારો જ ટ્રેડ ટ્રાન્સફર પ્રક્રિયામાં ભાગ લઇ શકશે. અને ત્યારબાદ વડી કચેરીથી આપવામાં આવે તે ગાઇડલાઇન / સુચના મુજબ પ્રવેશ ન ફળવાયેલ ઉમેદવારોને ઓફલાઇન પ્રવેશ પ્રક્રિયામાં સામેલ કરવાના રહેશે. શ્રમ,

કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગાંધીનગર ના તારીખ:૨૫/03/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: TLM/ 122021/573944/R-2 ની જોગવાઇઓને આધિન સીટ કન્વર્ઝન બીજા રાઉન્ડ પછી જ કરવાનું રહેશે

- **ત્યારબાદ ખાલી રહેતી બેઠકો માટે વડી કચેરી દ્વારા જે તે સમયે આપવામાં આવે તે સુચનાને તમામ સંસ્થાઓએ અનુસરવાનું રહેશે.**

  આ સિવાય સંસ્થા ખાતે પ્રવેશ પ્રક્રિયા સમયે આવતા ઉમેદવારો / વાલીઓનો સંમ્પર્ક સુત્ર (દુરભાષ નંબર) મેળવી લેવાના રહેશે. જેથી ખાલી રહેલ / ખાલી પડેલ બેઠકો પર પ્રવેશ ન મળેલ કે પ્રવેશ મેળવવા ઇચ્છુક ઉમેદવારોનો સરળતાથી સંમ્પર્ક કરી શકાય અને સંસ્થાની મહત્તમ બેઠકો ભરી શકાય.
- સંસ્થા ખાતે નવીન પ્રવેશ મેળવેલ તાલીમાર્થીઓને ડી.જી.ટી., નવી દિલ્હીની ગાઇડલાઇન મુજબ બોલાવવાના રહેશે.
- **રજીસ્ટ્રેશન ફી / કોશનમની ડીપોઝીટ.**


  શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગાંધીનગર ના તારીખ:૦૯/૦૪/૨003ના ઠરાવ ક્રમાંક: TLM/122003/113/R-2 મુજબ સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓના તાલીમાર્થીઓની ટ્યુશન ફી /કોશનમની ડીપોઝીટ લેવાની રહેશે. જ્યારે સ્વનિર્ભર સંસ્થાઓ માટે શાખાઃધ(GIA/SF) દ્વારા નક્કી થયા મુજબ ફી લેવાની રહેશે.

- સંસ્થા ખાતે ભરવાપાત્ર બેઠકોને ધ્યાને લઇ જરૂરીયાત મુજબની સ્ટેશનરી/ અદ્યતન ટેકનોલોજી ધરાવતા કોમ્પ્યુટર/ પ્રિન્ટર / કાટ્રીઝ વિગેરે ઇન્ફ્રાસ્ટ્રકચર તૈયાર રાખવાના રહેશે.
- દરેક સંસ્થા ખાતે પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કનેકટીવીટી ચાલુ / સારી હાલતમાં રહે તે માટે આગોતરૂ આયોજન હાથ ધરી ઘટતી કાર્યવાહી કરવાની રહેશે.
- મેરિટ પદ્ધતિ અંગેની વધુ વિગતો માહિતી પુસ્તિકામાંથી જોઈ લેવાની રહેશે.
- રાજ્યની સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ/સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ચાલતા NCVT/ GCVT પેટર્નના વ્યવસાયોમાં પ્રવેશ મેળવવા માટેની શૈક્ષણિક લાયકાતના ધોરણો DGT/ GCVT ની વેબસાઇટ ઉપર દર્શાવેલ સીલેબસ મુજબ આખરી ગણાશે.
- તાલીમાર્થી / વાલીને જરૂર જણાયે ટ્રેડ/વર્કશોપની મુલાકાત પણ કરવા દેવાની વ્યવસ્થા કરવાની રહેશે.
- બે પાળી કે ત્રણ પાળીમાં કાર્યરત સંસ્થાઓએ તેમની સંસ્થા ખાતે ભરવાપાત્ર બેઠકોની સંખ્યા, ઉમેદવારો / વાલીઓનો ધસારો / સ્થાનિક પરિસ્થિતિ વિગેરે ધ્યાને લઇ સવારના ૮.00 કલાક થી સાંજના ૮.00 કલાક સુધી પ્રવેશ આપવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. સંસ્થાની પ્રવેશ કમિટિ જરૂર જણાયે આ સમયમાં વધારો-ઘટાડો/ ફેરફાર કરી શકશે.


- પ્રવેશ પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થાય તેવા આશયથી પ્રવેશ સ્વીકૃતીપત્ર પ્રિન્ટીંગ, ટયુશન ફી/ ડીપોઝીટ સ્વીકાર કેન્દ્ર, અસલ પ્રમાણપત્રોની ચકાસણી વિગેરે વ્યવસ્થા અલગ અલગ રાખવી. તેમજ સ્થાનિક પરિસ્થિતિને અનુલક્ષીને ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓનો મહત્તમ ઉપયોગ કરીને સમગ્ર કામગીરી સરળતાથી તથા ઝડપથી નિર્વિઘ્ન પૂર્ણ થાય તેવી વ્યવસ્થા કરવી.
- સમગ્ર પ્રવેશ કાર્યવાહી સુચારૂ રીતે અને પારદર્શક રીતે થાય તે માટે જરૂરી તમામ પ્રબંધ, વ્યવસ્થા ગોઠવવાની રહેશે કે જેથી સરળતાપૂર્વક સમયમર્યાદામાં પ્રવેશ પ્રક્રિયા સફળતા પૂર્વક પૂર્ણ કરી શકાય.
- કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી પુરતો પોલીસ બંદોબસ્ત મળી રહે તે માટે કલેકટરશ્રી / ડી.એસ.પી. / પોલીસ સ્ટેશનમાં અગાઉથી જાણ કરવાની રહેશે.
- **SSAID**:- સંસ્થા ખાતે જે ઉમેદવાર પ્રવેશ મેળવે તેવા તમામ ઉમેદવારો પાસેથી તેઓનો SSAID મેળવીને Excel Sheet માં રોજે રોજની એન્ટ્રી કરીને નોંધી રાખવાનો રહેશે.

# How to Confirm Admission On Portal


- સૌ પ્રથમ https://itiadmission.gujarat.gov.in વેબસાઈટ ખોલવી.ત્યારબાદ ITI LOGIN માં જઈ પોતાની સંસ્થાના HELP CENTER ખાતેના યુઝર થી લોગીન કરવાનું રહેશે.ત્યારબાદ ADMISSION MENU માં આપેલ લીંક CONFRIM ADMISSION પર ક્લિક કરવાનું રહેશે.જેથી નીચે મુજબ લીંક દેખાશે.




- જેમાં ઉમેદવારનો રજીસ્ટ્રેશન નંબર તથા જન્મતારીખ નાખી SUBMIT બટન પર ક્લિક કરવાનું રહેશે ત્યારબાદ નીચે મુજબ સ્ક્રીન દેખાશે.




- જો કોઈ ઉમેદવાર ને **7th / 8th / 9th/ 10th Based , HSC Based, B.Sc Based** પૈકી એક કરતા વધારે પ્રકારનાં વિકલ્પમાં પ્રવેશ મળેલ હશે તો નીચેની સ્ક્રીનમાં તે તમામ પ્રવેશની વિગતો ડિસ્પ્લે થશે.તે પૈકી કોઈ પણ એક વિકલ્પ પસંદ કરી  કરવાનો રહેશે.
- તમામ સેલ્ફ ફાઈનાન્સ સંસ્થાએ ઉપર દર્શાવેલ ટ્યુશન ફી વાળા ફિલ્ડમાં ઉમેદવારને મળેલ ટ્રેડની લાગુ પડતી ૬ માસિક/વાર્ષિક ટ્યુશન ફી  એન્ટર કરવાની રહેશે.





- જેમાં CONFIRM ADMISISON પર ક્લિક કરતા જે તે ઉમેદવારનું એડમીશન કન્ફર્મ થઇ જશે તથા Allotment Letter બટન પર ક્લિક કરી પ્રવેશ કન્ફર્મ કર્યા નો રીપોર્ટ પ્રિન્ટ કરી સંસ્થાના વડાનાં સહી સિક્કા સાથે ઉમેદવારને આપવાનો રહેશે તથા તેની એક કોપી સંસ્થા કક્ષાએ રાખવાની રહેશે. જેનું અલાયદું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

# How to Reject Admission On Portal

- સૌ પ્રથમ [https://itiadmission.gujarat.gov.in](https://itiadmission.gujarat.gov.in) વેબસાઈટ ખોલવી.ત્યારબાદ ITI LOGIN માં જઈ પોતાની સંસ્થાના HELP CENTER ખાતેના યુઝર થી લોગીન કરવાનું રહેશે.ત્યારબાદ ADMISSION MENU માં આપેલ લીંક REJECT ADMISSION પર ક્લિક કરવાનું રહેશે.




- જેમાં ઉમેદવારનો રજીસ્ટ્રેશન નંબર તથા જન્મતારીખ નાખી SUBMIT બટન પર ક્લિક કરવાનું રહેશે ત્યારબાદ નીચે મુજબ સ્ક્રીન દેખાશે.



- જો કોઈ ઉમેદવાર ને **7th / 8th / 9th/ 10th Based , HSC Based, B.Sc Based** પૈકી એક કરતા વધારે પ્રકારનાં વિકલ્પમાં પ્રવેશ મળેલ હશે તો નીચેની સ્ક્રીનમાં તે તમામ પ્રવેશની વિગતો ડિસ્પ્લે થશે.તે પૈકી કોઈ પણ એક વિકલ્પ પસંદ કરી  કરવાનો રહેશે.
- જેમાં દર્શાવેલ પ્રવેશ રદ કરવાના કારણો પૈકી લાગુ પડતું કારણ પસંદ કરી Confirm Reject Admission બટન પર ક્લિક કરવાનું રહેશે.જેથી ઉમેદવારનો પ્રવેશ રદ થઇ જશે.
- જો કોઈ વિગતો ખોટી હોવાના કારણે ઉમેદવારનો  પ્રવેશ રદ થયેલ હશે તો હેલ્પ સેન્ટર ખાતેથી તેવી વિગતોમાં સુધારો કરાવી ઉમેદવાર પ્રવેશના બીજા રાઉન્ડમાં ભાગ લઇ શકશે.જે ઉમેદવારની વિગતો માં સુધારો કરવામાં આવશે તેવા તમામ ઉમેદવારે ફરી ચોઈસ ફીલિંગ કરવાની રહેશે.
- ઉમેદવારે સ્વેચ્છાએ પ્રવેશ રદ કરાવેલ હશે તો બીજા રાઉન્ડમાં ભાગ લેવા ઉમેદવારે ફરીથી અરજી રજીસ્ટર કરવાની રહેશે.

**નોંધ:- એડમીશન પ્રક્રિયા દરમ્યાન કોઈ પણ ટેકનીકલ પ્રશ્ન ઉદ્ભવે તો તેની જાણ તાત્કાલિક ધોરણે સંલગ્ન પ્રાદેશિક કચેરી ને અથવા વડી કચેરી ને gi-cts-det@gujarat.gov.in પર ઈ-મેઈલ ધ્વારા જાણ કરવી.**

*************************XXXXXXX*************************